# FIRST STEPS IN PERSIAN.

# ફારસી ભાષા

## વાંચવાની તથા લખવાની રીત.

ગુજરાતી નિશાળીઆઓના ઉપયોગને અર્થે.

કર્તા

મોલવી સાહેબ અબ્દુલ્લાહ બીન હબીબ અલફારશી.



Printed and Published at the
Mission Press, Surat
1885.

**Price 1½ annas.**

૨૬૦૨

# FIRST STEPS IN PERSIAN

OR

## HOW TO READ AND WRITE IT.

# ફારસી ભાષા વાંચવાની તથા લખવાની રીત

ગુજરાતી નિશાળીઆઓના
ઉપયોગને અર્થે.

કર્તા
મોલવીસાહેબ અબદુલ્લાહ બીન હબીબ અલકોરશી.



Printed and Published at the
Mission Press, Surat.

1885.

# LESSON I.

## ફારસી ભાષાના વ્યંજન તથા તેના ઉચ્ચાર વિષે.

ફારસી ભાષામાં બત્રીશ અક્ષર છે તે બધા વ્યંજન છે, પણ માત્ર ચાર એટલે "ا و ه ی" તે એવા છે કે જેમ વ્યંજન તેમ સ્વર તરીકે પણ વાપરવામાં આવે છે. દરેક વ્યંજનનો ઉચ્ચાર તેના નામના પહેલા અક્ષર પ્રમાણે હોય છે. લખવામાં દરેક અક્ષરના ચાર ચાર આકાર છે, તે એવી રીતે કે જ્યારે કોઈ અક્ષર બીજા અક્ષરની સાથે જોડેલો ન હુતાં સૌથી અલગ તથા જોડણીરહિત હોય તો તે વખતે જે આકારમાં આ અક્ષર લખાય છે, તેનું નામ "છુટો પ્રકાર" છે, અને જો અક્ષર બીજા અક્ષરની સાથે જોડેલો હોય તો જોવું જોઈએ કે શબ્દમાં તે પ્રથમ અક્ષર છે કે અંત્ય અક્ષર છે, કે મધ્ય અક્ષર છે. જો પ્રથમ અક્ષર હોય તો જે આકારમાં તે લખાય છે તેને "પહેલો પ્રકાર," ને જો અંત્ય અક્ષર હોય તો જે આકારમાં તે લખાયછે તેને "છેલ્લો પ્રકાર," ને શબ્દના મધ્યભાગમાં આવેલો અક્ષર જે આકારમાં લખાય છે તેને "વચલો પ્રકાર" કહિયે. એ ઉપલા ચાર પ્રકાર તથા અક્ષરોનાં નામ તથા રોમન અક્ષરમાં તેમનો ઉચ્ચાર એ બધું નિચેના કોઠામાં બતાવેલું છે.

| જોડણી સહિત. | | | જોડણી રહિત. | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર છેલ્લો. | પ્રકાર વચલો. | પ્રકાર પહેલો. | પ્રકાર છુટો. | નામ. | ઉચ્ચાર. | અક્ષરનું ખાસ નામ. |
| ـا | ـا | ا | ا | alif | *a* | |
| ـب | ـبـ | بـ | ب | be | *b* | |
| ـپ | ـپـ | پـ | پ | pe | *p* | |
| ـت | ـتـ | تـ | ت | te | *t* | |
| ـث | ـثـ | ثـ | ث | s̤e | *s̤* | |
| ـج | ـجـ | جـ | ج | jīm | *j* | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ـچ | ـچـ | چـ | چ | che | *ch* | |
| ـح | ـحـ | حـ | ح | ḥe | *ḥ* | حاي حطي (*hāi huttī*) |
| ـخ | ـخـ | خـ | خ | khe | *kh* | |
| ـد | ـد | د | د | dāl | *d* | |
| ـذ | ـذ | ذ | ذ | zāl | *z* | |
| ـر | ـر | ر | ر | re | *r* | |
| ـز | ـز | ز | ز | ẕe | *ẕ* | |
| ـژ | ـژ | ژ | ژ | ẕhe | *ẕh* | |
| ـس | ـسـ | سـ | س | sīn | *s* | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ـش | ـشـ | شـ | ش | shīn | *sh* |
| ـص | ـصـ | صـ | ص | ṣwād | *ṣ* |
| ـض | ـضـ | ضـ | ض | z̤wād | *z̤* |
| ـط | ـطـ | طـ | ط | ṭoy | *ṭ* |
| ـظ | ـظـ | ظـ | ظ | ẓ̂oy | *ẓ̂* |
| ـع | ـعـ | عـ | ع | âin | *â* |
| ـغ | ـغـ | غـ | غ | ġain | *ġ* |
| ـف | ـفـ | فـ | ف | fe | *f* |
| ـق | ـقـ | قـ | ق | qāf | *q* قاف قرشت [(*qāf-i-qarshat*) |

٩

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ـک | ـکـ | کـ | ک | kāf | *k* | کافِ کلمن (*kāf i-kalman*) |
| ـگ | ـگـ | گـ | گ | gāf | *g* | |
| ـل | ـلـ | لـ | ل | lām | *l* | |
| ـم | ـمـ | مـ | م | mīm | *m* | |
| ـن | ـنـ | نـ | ن | nūn | *n* | |
| ـو | ـو | و | و | wāw | *w* | |
| ـه | ـهـ | هـ | ه | he | *h* | هائي هوّز (*hāi-hawwaz*) |
| ـہ | ـہـ | ھ | ە | | | |
| ـي | ـيـ | يـ | ي | ye | *y* | |

## LESSON II.

(૧) નિચેના અક્ષરોનાં નામ, ઉચ્ચાર, તથા પ્રકાર લખી જણાવો.

| | | | |
|---|---|---|---|
| ک | ـبـ | ـيـ | ژ |
| فـ | غ | ـصـ | س |
| ـد | ـهـ | گ | ـا |
| ل | ز | ـطـ | ط |
| ـمـ | ذ | ضـ | ق |
| ھ | ة | ـو | و |

(૨) નિચેના આપેલા અક્ષરોના ફારસી ચાર પ્રકાર તથા નામ લખી જણાવો.

| | | | |
|---|---|---|---|
| *ẓ* | *z̤* | *s̤* | *d* |
| *ṭ* | *q* | *ch* | *sh* |
| *n* | *k* | *z* | *l* |
| *w* | *j* | *r* | *f* |
| *g̣* | *y* | *h* | *ḥ* |

# LESSON III.

## ફારસી શબ્દની જોડણીના સોનેરી નિયમ.

ફારસી ભાષાના અક્ષરો એક બીજાની સાથે એવી રીતે જોડાએલા હોય છે કે, શબ્દનો પ્રથમ અક્ષર પેહેલા પ્રકારમાં, ને અંત્યાક્ષર છેલ્લા પ્રકારમાં, ને બાકીના જો હોય તો તે બધા વચલા પ્રકારમાં લખવા જોઈએ. પણ જો શબ્દની શરૂઆત કે મધ્ય ભાગમાં કંસમાં આપેલા ( ا د ذ ر ز ژ و ) સાત તોડનારા અક્ષરોમાંથી કોઈ આવે તો તેનો ગુણ એવો છે કે, પોતાની પાછળ રહેલા ભાગને જોડણીથી જુદો પાડે છે. હવે એ જુદા પડેલા ભાગ વિશે વિશેષ બે વાત યાદ રાખવી જોઈએ.

(૧) જો તોડનાર અક્ષરની પાછળ જુદા પડેલા ભાગમાં માત્ર એકજ અક્ષર હોય, તો તેને છુટા પ્રકારમાં લખવો જોઈએ.

(૨) જો એ જુદા પડેલા ભાગમાં એક કરતાં વધારે અક્ષર હોય, તો એ ભાગને એક નવા જેવો શબ્દ જાણીને તેના અક્ષરો ઉપર બતાવેલા નિયમ પ્રમાણે ફરી પેહેલા, વચલા, તથા છેલ્લા પ્રકારમાં લખવા જોઈએ. ને જો લખતાં લખતાં ફરી આ ભાગમાં તોડનાર અક્ષર આવે, તો ઉપર કહ્યા મુજબ તે ફરી પોતાનો અમલ દેખાડશે.

# LESSON IV.



## સોનેરી નિયમ ઉપર સવાલો.

### ઉપર લખેલો નિયમ ધ્યાનમાં લઈને નિચે આપેલા સવાલના જવાબ આપો.

(૧) જે શબ્દમાં કોઈ તોડનાર અક્ષર ન હોય, તેના અક્ષરો કયા કયા પ્રકારમાં લખવા જોઈએ?

(૨) જે શબ્દમાં કોઈ તોડનાર અક્ષર ન હોય, ને તેમાં માત્ર બેજ અક્ષર હોય, તો તે કયા કયા પ્રકારમાં લખવા?

(૩) પેહેલા પ્રકારમાં અક્ષર કયારે લખાય?

(૪) છેલ્લા પ્રકારમાં અક્ષર કયારે લખાય?

(૫) વચલા પ્રકારમાં અક્ષર કયારે લખાય?

(૬) છુટા પ્રકારમાં અક્ષર કયારે લખાય?

(૭) જે શબ્દમાં કેવળ બેજ અક્ષર હોય, ને પહેલો અક્ષર તોડનાર હોય, તો તેઓને કયા કયા આકારમાં લખવા?

(૮) જે શબ્દના બધા અક્ષર તોડનાર હોય, તો તેઓને કયા કયા પ્રકારમાં લખવા?

## ઉપરના સવાલના જવાબ.

(૧) જે શબ્દમાં કોઈ તોડનાર અક્ષર ન હોય, તેના અક્ષરો પહેલા તથા વચલા તથા છેલ્લા પ્રકારમાં લખવા જોઈએ.

(૨) પહેલા તથા છેલ્લા પ્રકારમાં.

(૩) શબ્દનો દરેક પ્રથમ અક્ષર તથા તોડનારની પાછળ જુદા પડેલા અનેક અક્ષરના ભાગનો પ્રથમ અક્ષર એ પહેલા પ્રકારમાં લખવો જોઈએ.

(૪) જે અક્ષર શબ્દનો અંત્ય અક્ષર હોય, ને તે પહેલાં તોડનાર અક્ષર ન હોય, તે છેલ્લા પ્રકારમાં લખાય છે.

(૫) જે અક્ષર શબ્દનો પ્રથમ કે અંત્ય અક્ષર ન હોય, અને મધ્ય ભાગમાં તોડનારની પાછળ પણ ન હોય, તે વચલા પ્રકારમાં લખાય.

(૬) જે અક્ષર તોડનારની પાછળ આવે અને તેની સાથે બીજો અક્ષર ન હોય, તે છુટા પ્રકારમાં લખાય.

(૭) પહેલા તથા છુટા આકારમાં.

(૮) અંત્ય અક્ષર છુટા પ્રકારમાં અને બાકીના બધા પહેલા પ્રકારમાં.

# LESSON V.

## સ્વર વિષે.

જેમ બીજી ભાષાઓમાં તેમ ફારસીમાં પણ સ્વરના આધાર વગર વ્યંજન બોલાતા નથી.

ફારસીમાં સ્વરના ઉચ્ચાર આઠ છે; તેમનાં રોમન તથા ફારસી ચિન્હો ઉદાહરણ સાથે નંબરવાર, નિચેના કોષ્ટકમાં આપેલાં છે.

| નંબર | રોમન. | ફારસી. | | ઉદાહરણ. | નામ. |
|---|---|---|---|---|---|
| | | સ્વરાક્ષર. | સ્વરચિન્હ. | | |
| ૧ | ā | ا | | father | alif |
| ૨ | ī | ی | | me | ye |
| ૩ | ū | و | | do | wāw |
| ૪ | ē | ی | | came | ye |
| ૫ | ō | و | | shore | wāw |
| ૬ | a | ه | َ | tub | he and zabar |
| ૭ | i | ه | ِ | pin | he and zēr |
| ૮ | u | | ُ | put | pesh |

## ઉપરના કોષ્ટકની સમજુતી.

કોષ્ટકના પહેલા ખાનામાં એકથી આઠ સુધી સ્વરના નંબર બતાવ્યા છે. બીજા ખાનામાં રોમન ચિન્હ બતાવેલાં છે અને ત્રીજા ખાનાના બે ભાગ છે. પહેલા ભાગમાં એકથી સાત સુધી સ્વરાક્ષર લખેલા છે; અને બીજા ખાનામા નંબર છુથી આઠ સુધી સ્વરચિન્હો લખેલાં છે. સ્વરાક્ષર હમેશાં લખવામાં આવેછે. પણ સ્વરચિન્હ લખવામાં આવતાંજ નથી; માત્ર કોઈ કોઇ યોગ્ય પ્રસંગે અક્ષરની ઉપર કે નિચે લખવામાં આવેછે. નંબર છુ તથા સાતના સ્વર શબ્દને અંત્યે હોય, ત્યારે એમના સ્વરાક્ષર "ઠ" લખાય છે; પણ બીજે ઠેકાણે એમનાં સ્વરચિન્હો વપરાય છે. ચોથા ખાનામાં સ્વર ઉચ્ચારનાં ઉદાહરણ અંગ્રેજી શબ્દમાં આવેલાં છે. અને પાંચમા ખાનામાં તે સ્વરનું નામ છે. ૧૨

## LESSON VI.

## વડી વિષે.

દરેક વડી કે પદની શરૂઆત વ્યંજનથી થાયછે. અને તે વ્યંજન પછી ઉપર બતાવેલા કોષ્ટકમાંનો એક સ્વર જરૂર હોવો જોઇયે. વડી બે પ્રકારની છે.

ખુલ્લી અને બંધ. જે વડીને અંત્યે સ્વર આવેછે, તે વડી ખુલ્લી કહેવાયછે. ને જે વડીને અંત્યે[1] વ્યંજન હોય તે બંધ વડી કહેવાય છે. ખુલ્લી તથા બંધ વડીનું ઉદાહરણ તેના બધા સ્વરોસહિત અનુક્રમ પ્રમાણે નીચે બતાવવામાં આવ્યું છે.

| (સ્વરનો) નંબર | ખુલ્લી વડી. | રોમન | બંધ વડી. | રોમન |
|---|---|---|---|---|
| ૧ | با | bā | باد | bād |
| ૨ | بی | bī | بید | bīd |
| ૩ | بو | bū | بود | būd |
| ૪ | بے | bē | بید | bēd |
| ૫ | بو | bō | بود | bōd |
| ૬ | بَ | ba | بَد | bad |
| ૭ | بِ | bi | بِد | bid |
| ૮ | بُ | bu | بُد | bud |

હવે એક કરતાં વધારે વડીઓ મળવાથી શબ્દ થાયછે. શબ્દમાં ખુલ્લી

---

૧. બંધ વડીને અંત્યે જે વ્યંજન હોયછે તે હમેશાં સ્વરરહિત છે. અને કોઈ કોઈ વખતે બે પણ એવા સ્વર રહિત વ્યંજનો બંધ વડીને અંત્યે મળેછે, જેમકે مرد mard એક કે બે સ્વરરહિત વ્યંજનો હોય તો સારૂ સમજવું કે આ વ્યંજનો બંધ વડીના અંત્યાક્ષર છે. એથી ઉલટું સ્વરસહિત વ્યંજન હોય તો સારૂ સમજવું કે આ વ્યંજન ખુલ્લી કે બંધ વડીની શરૂઆતનો અક્ષર છે.

અને બંધ વડી કે એ બેમાંની એક જાતની વડીની જરૂર પડે છે. ના

ઉપર આપેલા કોષ્ટક વિષે શિખનારને બરાબર સમજ પડી હોય તો કોઈ પણ શબ્દની વડીઓ બંધ છે કે ખુલ્લી, ને કયા નંબરના સ્વરની વડી છે, તે સહેલથી ૧૪
તે કહી શકશે.

નીચે આપેલા શબ્દો રોમન-પર્શીઅનમાં લખો, ને તેમાંની વડીઓ જુદી પાડો, ને ખુલ્લી છે કે બંધ તે કોહો.

| | | |
|---|---|---|
| دستاویز | نورباف | فربه |
| شیردل | روزنامچه | افسرده |
| میردبیر | کارکن | کمزور |

નીચે આપેલા શબ્દો પર્શીઅનમાં લખો, તેમાંની વડીઓ જુદી પાડો, ને ખુલ્લી છે કે બંધ તે કોહો.

| | | |
|---|---|---|
| *Shabāshab* | *Bāzār* | *Jabīn* |
| *Shabkūr* | *Rustam* | *Kārkhāna* |
| *ki* | *Khurshīd* | *Dāwūd* |

# LESSON VII.

## સ્વરાક્ષર વિષે

ઉપર કહેવામાં આવ્યું છે કે, ફારસી ભાષાના મૂળાક્ષરો ૩૨ છે ને તે બધા વ્યંજન છે, પણ માત્ર ی તથા و જેમ વ્યંજન તેમ સ્વર તરીકે પણ વપરાય છે. તેઓ વ્યંજન હોય ત્યારે તેમના ઉચ્ચાર મૂળાક્ષરના કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણે છે, ને સ્વર હોય ત્યારે સ્વરના કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણે છે. ઉપર બતાવેલા આ ચાર અક્ષર જો કોઈ વર્ડીની શરૂઆતમાં આવે, તો હમેશ વ્યંજન સમજવા. ને ખુલ્લી વર્ડીને અંત્યે, કે બંધ વર્ડીની વચમાં આવે, તો હમેશ સ્વર સમજવા.

## કેટલાંએક ચિન્હો વિષે.

( ّ ) આ ચિન્હનું નામ تشدید tashdīd છે. જે અક્ષર બેવડો બોલાય તેને બદલે એક અક્ષર લખવો જોઈએ, ને બીજા અક્ષરને બદલે તેના પર ઉપર બતાવેલું ચિન્હ મૂકવું જોઈએ. જેમકે makka مکّه

( ~ ) આનું નામ مد madd છે. જ્યારે કોઈ વર્ડીની શરૂઆતમાં અલિફ વ્યંજન હોય ને તે પછી બીજો અલિફ સ્વર તરીકે આવેલો હોય, તો

બીજા અલિફને બદલે પહેલા અલિફ ઉપર આ ચિન્હ ~ મૂકવામાં આવે છે, જેમકે آب ab[1].

(ء) એ همزه hamza કહેવાય છે. જ્યારે વાવ બેવડો હોય અથવા વર્ણીના કોષ્ટકમાં નંબર ૬ વાળી બંધ વર્ણીમાં સ્વર પછી વ્યંજન યે હોય તો તે બીજા વાવ તથા યેને બદલે પહેલા વાવ તથા સ્વરોચ્ચારવાળા હે ઉપર આ ચિન્હ મૂકવામાં આવે છે. જેમ داؤد Dāwūd خانهٔ امیر Khana i amīr

જો બે યે સાથે આવે તો તે બંને લખવા જોઇએ, ને પહેલા યે ઉપર hamza પણ લખવો જોઇએ.

1. અલિફ વ્યંજન હોય તો રોમન લીપીમાં લખતાં તે અલિફનો ઉચ્ચાર લખાતો નથી, પણ આ અલિફ પછી જે સ્વર આવે તેનો ઉચ્ચાર લખાય છે; જેમકે ایمان Imān; એમજ ع પણ જે હમેશ વ્યંજન છે તેનો ઉચ્ચાર રોમન લીપીમાં લખાતો નથી; જેમકે عالم ālim.

સમાપ્ત.

